## રૂ.૪૦૦ કરોડનો આઇપીઓ ૧૮ ડિસેમ્બરે ખુલશે

# સૂરજ એસ્ટેટે પ્રાઇસ બેન્ડ શેરદીઠ રૂપિયા ૩૪૦થી ૩૬૦ નક્કી કરી

પીટીઆઈ
નવી દિલ્હી, તા. ૧૩

સૂરજ એસ્ટેટ ડેવલપર્સે બુધવારે જણાવ્યું હતું કે તેણે તેની ઇનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) માટે શેર દીઠ રૂપિયા ૩૪૦ થી રૂપિયા ૩૬૦ની પ્રાઇસ બેન્ડ નક્કી કરી છે.

પ્રાથમિક શેર વેચાણ ૧૮ ડિસેમ્બરે જાહેર સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૦ ડિસેમ્બરે બંધ થશે, એમ મુંબઈ સ્થિત કંપનીએ એક યાદીમાં જણાવ્યું હતું.સૂરજ એસ્ટેટ કંપનીનો આઈપીઓ સંપૂર્ણપણે રૂપિયા ૪૦૦ કરોડના ઇક્વિટી શેરનો નવો આઈપીઓ છે, જેમાં નો ઓફર-ફોર-સેલ (ઓએફએસ) કમ્પોનન્ટ છે.

આ આવકનો ઉપયોગ કંપની અને તેની સહાયક કંપનીઓ - એકોર્ડ એસ્ટેટ્સ અને આઇકોનિક પ્રોપર્ટી ડેવલપર્સ દ્વારા મેળવવામાં આવેલા દેવાની ચુકવણી અને જમીનના સંપાદન માટે કરવામાં આવશે.આ ઉપરાંત, એક ભાગનો ઉપયોગ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે પણ કરવામાં આવશે.૩૧ માર્ચ, ૨૦૨૩ના રોજ પૂરા થયેલા નાણાંકીય વર્ષમાં, કંપનીની કામગીરીથી આવક વધીને રૂપિયા ૩૦૫.૭૪ કરોડ થઈ ગઈ છે જે અગાઉના નાણાંકીય વર્ષ રૂપિયા ૨૭૨.૭૨ કરોડ હતી.આ ઉપરાંત કંપનીનો નફો નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં વધીને રૂપિયા ૩૨.૦૬ કરોડ થઈ ગયો છે. જે અગાઉના નાણાંકીય વર્ષમાં રૂપિયા ૨૬.૫૦ કરોડ હતો.